એઆઇસીઆરપી - વીડ મેનેજમેન્ટ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

Phone: (02692) 225706, 225707 E-mail: aicrpwm@aau.in

જા.નં.: બીએસીએ/વીમે/ 39 /૨૦૨૧ તા. ૦૩/૦૬/૨૦૨૧

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓને જણાવવાનું કે આપના હસ્તકની વિવિધ કચેરીઓ, મકાનો, હોસ્ટેલ, ગોડાઉન, ફાર્મ ઓફીસની દીવાલો/ ભોંયતળીયાની તિરાડોમાં ઉગી નીકળતા વડ/ પીપળા/ પીપર અને ઉમરડાનું નિયંત્રણ તથા બીન પાક વિસ્તાર/ પડતર વિસ્તાર, વરસાદી પાણીના નિકાલ માટેની ગટર તથા અન્ય જગ્યાઓએ ઉગી નીકળતા નીંદણના નિયંત્રણ માટે આ સાથે ઉપયોગી માહિતી સામેલ છે, તો આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી થવા જણાવવામાં આવે છે. વધુમાં, આ અંગે કોઈ માર્ગદર્શનની જરૂર જણાય તો નીંદણ નિયંત્રણ યોજના, બીએસીએ, આકૃયુ, આણંદનો રૂબરૂ અથવા ટેલીફોનીક સંપર્ક કરવો જેથી સમયસર જરૂરી માર્ગદર્શન મેળવી કાર્યવાહી થઇ શકે.

Patel
એગ્રોનોમીસ્ટ

જા. નં. આકૃયુ/બેએસીએ/ ૨૦૨૧

તા. ૦૩/૦૬/૨૦૨૧

# મકાનની છત અને દીવાલોની તીરાડો, ગટર અને વરસાદી પાણીના નિકાલની પાઈપોના જોડાણ તેમજ અન્ય જગ્યાએ ઉગી નીકળતા બિન જરૂરીવડ, પીપળ, ઉમરડા વગેરેનું નિયંત્રણ

એઆઇસીઆરપી- વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૦૨૬૯૨ ૨૨૫૭૦૬/૭૦૭) aicrpwm@aau.in

વડ, પીપળ, પીપર અને ઉમરડો/ઉમરો વગેરે બહુવર્ષાયુ પ્રકારની વનસ્પતિ છે. તે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ઉગી નીકળે છે. તેમાં રહેલા દૂધ જેવા ઘટ્ટ પ્રવાહીને લીધે તે જલ્દીથી સુકાઇ જતા નથી. તેના ફળ નાના તેમજ પાકતી વખતે ખૂબ જ મીઠા તેમજ આકર્ષક રંગ ધરાવતા હોઇ પક્ષીઓ વધુ પ્રમાણમાં ખાય છે. પક્ષીઓની ચરક દ્વારા તેનાં બી મકાનોની દીવાલો, છત તેમજ અવાવરૂ જગ્યાઓ કે જ્યાં સરળતાથી સફાઇ થતી ન હોઇ ત્યાં રહેલા સામાન્ય ભેજ અથવા વરસાદના ભેજથી સહેલાઇથી ઉગી નીકળે છે. તેનાં મૂળ હવામાંથી ભેજ શોષીને પોષણ મેળવે છે અને જમીન ઉપર ઉગી નીકળતા છોડની જેમ વિકાસ અને વૃધ્ધિ પામે છે. તેના મૂળ ૩ થી ૪ ફૂટ સુધી દીવાલમાં કે દીવાલની બહારની બાજુએ લંબાયેલા જોવા મળે છે. આથી જો તેને સમયસર દૂર કરવામાં ન આવે તો તેના મૂળ અને થડ દીવાલમાં જગ્યા કરી ઊંડે સુધી ઉતરે છે પરીણામે દીવાલો અને મકાનોમાં તીરાડો પડી નુકસાન થાય છે. આ નુકસાન સમય જતાં વધતુ જ રહે છે. આથી મકાનની દીવાલો, ધાબા, વરસાદી પાણીનાં નિકાલની પાઈપોનાં જોડાણ વગેરે જગ્યાએ ઉગી નીકળતા વડ, પીપળાનું યોગ્ય સમયે નિયંત્રણ કરવું અવિવાર્ય બને છે. તેનું નિયંત્રણ યાંત્રિક તેમજ રાસાયણિક પધ્ધતિ દ્વારા સહેલાઈથી કરી શકાય છે.

**યાંત્રિક પધ્ધતિ :-**

મકાનની દીવાલો તેમજ અન્ય જગ્યાએ ઉગી નીકળેલા વડ, પીપળ, પીપર અને ઉમરડો/ઉમરો ને કાપી નાખી તેને મૂળ સહિત ખોદી લેવા. દીવાલોમાં થોડો ઊંડો ખાડો કરી દીવાલમાં રહેલ થડ તથા મૂળ કાઢી તેને સિમેન્ટથી પુરી દેવો. આથી વડ પીપળાની ફૂટ અટકી જશે અને તેનું નિયંત્રણ થઇ શકશે.

**રાસાયણીક પધ્ધતિ :-**

યાંત્રિક પધ્ધતિના વિકલ્પ રૂપે રાસાયણિક પધ્ધતિ અપનાવી શકાય જે લાબાં ગાળે ફાયદાકારક નીવડી શકે તેમ છે. જુન મહીનાના અંતમાં અથવા જુલાઇ મહીનાના પ્રથમ અઠવાડિયામાં વડ, પીપળા વગેરે ના છોડ દીવાલ પરથી કાપી લેવા. કાપ્યા બાદ નવા ફૂટેલા વડ, પીપળા એકાદ ફૂટ ઊંચાઇના થાય ત્યારે નીચે જણાવેલ મુદ્દાઓ ધ્યાનમાં રાખી નીંદણનાશકનો નીચે જણાવ્યા પ્રમાણે ઉપયોગ કરવો.

વડ, પીપળ, પીપર અને ઉમરડો/ઉમરોએ પહોળા પાન ધરાવતી (દ્વિદળી વનસ્પતિ) હોવાથી 2,4-D અથવા ગ્લાયફોસેટના ૧% દ્રાવણનો છટકાવ કરવાથી અસરાકારક રીતે નિયંત્રણ થઈ શકે છે.

૧. 2, 4-D ઈથાઈલ એસ્ટર ૩૮%EC (૩૪% w/w) એક લિટર પાણીમાં ૩૦ મિ.લિ. બજારૂ નીંદણનાશક **<u>અથવા</u>**

૨. 2, 4-D ડાઈમિથાઈલ એમાંઈન ૫૮%SL એક લિટર પાણીમાં ૨૦ મિ.લિ. બજારૂ નીંદણનાશક **<u>અથવા</u>**

૩. ગ્લાયફોસેટ ૧% દ્રાવણનો છટકાવ એક લિટર પાણીમાં ૨૫ મિ.લિ. (ગ્લાયફોસેટ ૪૧% SL) **<u>અથવા</u>**

૪. ૧૦ ગ્રામ (ગ્લાયફોસેટ ૭૧%WDG) બજારૂ નીંદણનાશક

પંપ દ્વારા છોડ સંપૂર્ણ પલળે તે રીતે છંટકાવ કરવો. સમયાંતરે જરૂર જણાય તો બીજી વખત છટકાવ કરવાથી વડ, પીપળા, ઉમરડા વગેરે ને નિયંત્રણ કરી શકાય છે.

**<u>નીંદણનાશકનો છંટકાવ કરતી વખતે ધ્યાનમાં રાખવાના અગત્યના મુદ્દાઓ :-</u>**

- વરસાદ પડવાની શક્યતા હોય, ચાલુ વરસાદ હોય અથવા વરસાદ તુરતજ નીંદણનાશકનો છંટકાવ કરવો નહિ.
- નીંદણનાશકના છંટકાવ માટેની ખાસ પ્રકારની ફ્લડજેટ અથવા ફ્લેટફેન નોઝલનો ઉપયોગ કરવો.
- આ પ્રકારની નીંદણનાશક શોષક પ્રકારની હોવાથી તેના છંટકાવ વખતે અન્ય ઉપયોગી પાક, છોડ કે ઝાડ ઉપર પડે નહિ તેની ખાસ કાળજી રાખવી.
- ચોમાસા સિવાય આ નીંદણનાશકનો છંટકાવ કરવાનો હોય તો મૂળ પ્રસરેલ દીવાલોને પાણીથી ભીની રાખવી અનિવાર્ય છે જેથી મૂળ સુધી નીંદણનાશકનું પ્રસરણ ઝડપી અને સહેલાઇથી થઇ શકે.

# બિન પાક વિસ્તારમાં નીંદણ વ્યવસ્થાપન

**એઆઇસીઆરપી- વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**

**(૦૨૬૯૨ ૨૨૫૭૦૬/૭૦૭)** aicrpwm@aau.in

## પ્રિ ઈમરજન્સ

આજુબાજુ તથા રમતના મેદાન કે જ્યાં સામાન્ય રીતે કોઈ ખેતી પાક / સુશોભનના ફૂલ છોડ કે લોન વગેરે વાવવાના ન હોય તેવા પડતર વિસ્તારમાં ચોમાસાનો પ્રથમ વરસાદ પડેથી એક થી બે દિવસ દરમ્યાન (પ્રિ ઈમરજન્સ) ભીની જમીનપર એટ્રાજીન ૧.૦ કિ/હે સક્રિય તત્વ એટલેકે ૨.૦ કિ/હે બજારૂ નીંદણનાશક (૪૦ ગ્રામ/૧૦ લિટર પાણી) ફ્લેટફેન / એર ઇન્ડેકટ ફ્લેટફેન નોઝલનો ઉપયોગ કરી છંટકાવ કરવો જેથી મોટાભાગના વાર્ષિક નીંદણને ઉગતા અટકાવી અસરકારક નીંદણ નિયંત્રણ કરી શકાય છે.

## પોસ્ટ ઈમરજન્સ

પ્રથમ વરસાદ પડ્યા બાદ ૧૫ થી ૨૦ દિવસે એટલે કે નીંદણ ઉગી ગયા બાદ (પોસ્ટ ઈમરજન્સ) આ સાથેના ટેબલમાં દર્શાવેલ નીંદણનાશક પૈકી કોઈપણ એકનો સવારનો ઝાકળ ઉડી ગયા બાદ, જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે ફ્લેટફેન / એર ઇન્ડેકટ ફ્લેટફેન નોઝલ ધ્વારા છંટકાવ કરવો.

| નીંદણનાશકનું નામ (બજારૂ નામ) | પ્રમાણ સક્રિય તત્વ (ગ્રામ/હે) | બજારૂ નીંદણનાશક (ગ્રામ અથવા મિ.લિ./હે) | ૧૦ લિટર પાણીમાં બજારૂ નીંદણનાશક (ગ્રામ અથવા મિ.લિ.) | નીંદણનાશક છાંટવાનો સમય | નોંધ |
|---|---|---|---|---|---|
| ૨, ૪- ડી ડાયમિથાઈલ એમાઈન સોલ્ટ 58% SL | ૫૦૦ | ૮૬૦ | ૧૭.૨ | પોસ્ટ ઇમરજન્સ | પહોળા પાંડદાવાળા નીંદણનું નિયંત્રણ કરવામાટે |
| ૨, ૪- ડી ઈથાઈલ એસ્ટર 38% EC (34% w/w) | ૫૦૦ | ૧૪૭૦ | ૨૯.૪ | પોસ્ટ ઇમરજન્સ | પહોળા પાંડદાવાળા નીંદણનું નિયંત્રણ કરવામાટે |
| ૨,૪- ડી સોડીયમ સોલ્ટ 80% WP (w/w) | ૧૦૦૦ | ૧૨૫૦ | ૨૫ | પોસ્ટ ઇમરજન્સ | પહોળા પાંડદાવાળા નીંદણનું નિયંત્રણ કરવામાટે |
| ગ્લાયફોસેટ 71% SG (એમોનિયમ સોલ્ટ) | ૨૧૩૦ | ૩૦૦૦ | ૬૦ | પોસ્ટ ઇમરજન્સ | મોટા ભાગના ઘાસવર્ગ અને પહોળા પાંડદાવાળા નીંદણનું નિયંત્રણ કરવામાટે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ્લાયફોસેટ 41% SL આઈપીએ સોલ્ટ | ૮૨૦-૧૨૩૦ | ૨૦૦૦-3000 | ૪૦ – ૬૦ | પોસ્ટ ઇમરજન્સ | મોટા ભાગના ઘાસવર્ગ અને પહોળા પાંડદાવાળા નીંદણનું નિયંત્રણ કરવામાટે |
| ગ્લાયફોસેટ 54% SL આઈપીએ સોલ્ટ | ૧૮૦૦ | 3330 | ૬૭ | પોસ્ટ ઇમરજન્સ | મોટા ભાગના ઘાસવર્ગ અને પહોળા પાંડદાવાળા નીંદણનું નિયંત્રણ કરવામાટે |

નોધ : ઉપરોક્ત નીંદણનાશકો પૈકી ૨,૪-ડી નો છંટકાવ નજીકમાં/આજુબાજુ દ્વિદળી પાક કે દ્વિદળી ઉપયોગી છોડ ન હોય અને પવનની ઝડપ ઓછી હોય ત્યારે જ કરવો.

**ડાંગરની ક્યારીની પડદી / પાળીઓ, પાણીના ઢાળિયાની બન્ને બાજુની કિનારી, ખેતરમાં જવા માટે બનાવેલ ઉચા રસ્તાની બંને બાજુના ઢાળ, ઢોળાવ વાળી પાળી / શેઢા પાળા વિગેરે જગ્યાએ કે જ્યાં જમીનને બંધાયેલી રાખવાની છે જેથી માટીનું ધોવાણ ન થાય ત્યાં પેરાક્વોટ ૪૦૦ ગ્રામ/હે સક્રિય તત્વ એટલે કે ૧૫૦૦ મિ.લિ/હે બજારુ નીંદણનાશક (૩૦ મિ.લિ/૧૦ લિટર પાણી) નો છંટકાવ કરવો જેથી નીંદણનો જમીન ઉપરનો ભાગ સુકાઈ જશે પરંતુ તેના મૂળ જીવિત રેહશે જે જમીનને બંધાયેલ રાખશે અને જમીનનું ધોવાણ થતું અટકશે અને ડાંગરની પાળી, પાણીના ઢાળિયાની કિનારીને બંધાયેલ રાખશે.**

**વધુમાં, જ્યારે ખેતરમાં પાક હોય ત્યારે પેરાક્વોટ નીંદણનાશક છાંટવાની થાયતો તે આજુબાજુ ઉડીને પાક પર ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું.**